દાદા ભગવાન પરિવારનું

ફેબ્રુઆરી ૨૦૨૧

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



બાળમિત્રો,

આખો દિવસ 'ભણવા બેસ, ભણવા બેસ' આવા મમ્મીના ડાયલોગ તમારામાંથી કોણે નહીં સાંભળ્યા હોય ! મેં પણ બહુ સાંભળ્યા છે. તમને બધાને થતું હશે ને ભણવાનું ન હોત તો કેટલી મઝા આવત ? આખો દિવસ બસ રમવાનું જ.

પણ આપણા મમ્મી-પપ્પા આપણા ભલા માટે જ ભણવાનું કહે છે. એ સમજાતું નથી એટલે ગુસ્સો આવે છે.

તો આવો, આ અંકમાં આપણે ભણવું કેમ જરૂરી છે એ સમજીએ અને આપણે સરસ મજાનું ભણીને જીવનમાં પ્રગતિ કરીએ.

- ડિમ્પલ મહેતા

# Why study ?




અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૩, અંક : ૬
સળંગ અંક : ૧૫૦
ફેબ્રુઆરી ૨૦૨૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...



ભણતરની બહુ જરૂર છે. ભણતરથી મહીં એકાગ્રતાની શક્તિ વધે, સોલ્યુશન લાવવાની શક્તિ વધે, ટીચરનો વિનય રાખવાની શક્તિ વધે, ફ્રેન્ડ સાથે ડીલિંગ કરવાની શક્તિ વધે, કેટલી બધી શક્તિ વધે માણસની !

**પ્રશ્નકર્તા:** મને ભણવામાં મન ન લાગતું હોય અને રમવાની જ મજા આવતી હોય તો મારે શું કરવું જોઈએ ?

**પૂજ્યશ્રી:** રમવાની મજા કેટલી આવે ? એ પાછું હાડકાં દુઃખે અને રાત્રે થાકીને ઊંઘી જવું પડે. ભણીશું તો આખું કરિયર બનશે અને આગળ ભવિષ્યમાં આપણે સારી પોસ્ટ પર જઈ શકીશું. જીવનમાં કારકિર્દી બને. એમાં મજા આવે કે પછી સાવ મજૂરી કરવી પડે, નોકરીમાં ઠેકાણા ના પડે એ સારું કહેવાય ?

એટલે આ ભવિષ્યનો વિચાર કરી, ભણવાની વાત છે. જીવન શાંતિથી જાય એના જેવી મજા જ નહીં ને ! જો મજા માટે તારે રમવું હોય, તો મજા માટે જ ભણવાનું છે. આખી જીંદગી પછી કેટલી બધી મજા પડશે. સારા પૈસા હોય, સારું ઘર હોય, સારી કારકિર્દી હોય તો આપણને મજા જ આવે ને !

ભણતર જોઈએ. ભણતર માણસને ઘડે છે. જો ઘડતર ના થાય તો એ અણઘડ, ઠેકાણા વગરનો રહે. હમણાં ભણતરનો ટાઈમ છે, તો ભણી લો.

હવે, તું મન લગાડીને ભણીશને ? અને તોયે તારું મન કચકચ કરે તો મનને નહીં ગાંઠવાનું. કહેવાનું કે મને ભણવા દે બરાબર. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' મોટેથી કાનને સંભળાય એવી રીતે બોલવાનું. આંખો બંધ કરી, ખૂબ શક્તિઓ માંગવાની, પછી ભણવાનું.

આપણને જેમાં ઈન્ટરેસ્ટ પડે, એ બધું યાદ રહે. જેમાં ઈન્ટરેસ્ટ ઓછો પડે એમાં એવું લાગે કે યાદ રહેતું નથી.

દા.ત. - આપણને રમત-ગમતમાં, કમ્પ્યુટરમાં, ટી.વીમાં ઈન્ટરરેસ્ટ હોય તો બધું યાદ રહે. ભણવામાં ઈન્ટરેસ્ટ ઓછો હોય તો યાદ ના રહે.




# આ તો



ભણવા માટે શક્તિ માંગો તો તમને મહીંથી ભગવાનની શક્તિ પ્રગટ થશે.

દા.ત. - જેમ વીસ કિલો ના ઉપાડી શકતા હોય અને પચાસ કિલો ઉપાડવાની શક્તિ મળે, તો વીસ કિલો આમ હસતા રમતા ઉપાડી શકાય. એવી જ રીતે ભગવાન પાસે શક્તિ માંગશો તો બોજા બધા ઓછા થઈ જશે.

# નવી જ વાત !

ભણવામાં ઈન્ટરેસ્ટ લાવવા માટે એની મહત્તા સમજવી જોઈએ કે ભણતર આપણને જિંદગીમાં કામ લાગશે અને તો જ આપણે આગળ વધીશું.





આપણે એવી ભાવના કરી શકીએ કે સરસ મજાનું ભણીને આપણે ભવિષ્યમાં દાદાના જગત કલ્યાણના પ્રોજેક્ટમાં સેવા આપીશું.

# ઓલરાઉન્ડર

ઝોયાના મનમાં એક જ સીન વારે વારે રિપ્લે થયા કરતો હતો. એ લગભગ આઠ વાર વીરને ફોન ટ્રાય કરી ચુકી હતી. પણ વીરનો ફોન ઉપડતો જ નહોતો. થાકીને ઝોયાએ ફોન પલંગમાં ફેંક્યો અને સર્ટિફિકેટ હાથમાં લઈને બેઠી. એના ચહેરા પર એક મોટી સ્માઈલ આવી ગઈ. ત્યાં તો ફોનની રીંગ વાગી.

"વીરભાઈ, કેટલા ફોન કર્યા તમને !" હલો-વલો કહ્યા વગર ઝોયા અધીરાઈપૂર્વક બોલી.

"અરે ઝો...હું બાસ્કેટ બોલની પ્રેક્ટિસમાં હતો. બોલ શું કહે છે ?" વીરે શાંતિથી પૂછ્યું.

"ભાઈ, મેં કરી બતાવ્યું." સર્ટિફિકેટ હાથમાં લઈને ઝોયાએ કહ્યું.

"અરે, પણ શું ? કંઈ કહે તો ખરી !" વીર કન્ફયુઝ થઈ ગયો.

"ભાઈ, આઈ વિન ધ એવોર્ડ. તમે બેંગ્લોર સિટિની બેસ્ટ સાઈ-ફાઈ(સાયન્સ ફિક્શન) રાઈટર સાથે વાત કરી રહ્યો છો." ઝોયાના અવાજમાં એક ગર્વ હતો.

"નો વે, ઝોઝો" વીર ઝોયા કરતા પણ વધુ એકસાઈટ થઈ ગયો, "તેં ખરેખર કરી બતાવ્યું. આઈ એમ સો પ્રાઉડ ઓફ યુ. તું અમદાવાદ આવ એટલે આપણે એક મોટી પાર્ટી કરીશું. એક મિનિટ, દાદાને તારી સાથે વાત કરવી છે. હું એમને આપું."

"દાદા, મને બેસ્ટ યંગ રાઈટરનો ખિતાબ મળ્યો છે." ઝોયા ફોનમાં ઘાટા પાડી રહી હતી.


"બહુ સરસ દીકરા. પણ તું એમ કહે કે તેં તારી નવી બુક લખવાની શરૂ કરી કે નહીં ? એક એવોર્ડથી ખુશ ના થઈ જતી. હજુ વધારે મહેનત કરીને તારે પહેલા કરતા પણ વધુ સારી બુક લખવાની છે." દાદાએ કહ્યું.

"ઝોયાની ખુશીમાં જાણે બ્રેક લાગી ગઈ. એ પરાણે બોલી, "ઓ.કે દાદા, ભાઈને આપશો પ્લીઝ ?"

"બોલ ઝો ! વીર હજુ કંઈ આગળ બોલે એ પહેલા તો ઝોયા એના પર તૂટી પડી, "ભાઈ તેં શું કામ દાદાને ફોન આપ્યો ? એમણે મારો મૂડ બગાડી નાખ્યો. મારા એવોર્ડથી ખુશ થવાને બદલે મને લેકચર આપવા બેસી ગયા. ખબર નહીં એ ક્યારે ખુશ થશે ? નાનપણથી જ આવું ચાલતું આવ્યું છે. એમણે પોતાના ટાઈમમાં એલ.એલ.બી વિથ ઈંગ્લિશ શું કરી દીધું આપણને પણ ભણાવી ભણાવીને પાગલ કરી દીધા."

"શશ... ઝો.... શાંત થઈ જા." વીર ફોન લઈને બીજા રૂમમાં ગયો. "દાદા તારી કેર કરે છે."

"મને વિશ્વાસ નથી આવતો કે તમે એમની સાઈડ લો છો. આપણને પહેલેથી ખબર હતી કે આપણે ડૉક્ટર કે એન્જિનિયર નથી બનવું રાઈટ ? અને એમને



પણ ખબર હતી. છતાંય બધા જ સબ્જેક્ટમાં સારા માર્ક્સ લાવવા માટે કેટલી મહેનત કરાવતા હતા.'' ઝોયા ખૂબ જ અકળાઈ ગઈ હતી.

"ઝો રિલેક્સ... આટલો બધો ગુસ્સો !!!'' વીરે એક ઊંડો શ્વાસ લીધો.

"ચલ તારા સર્ટિફિકેટમાં શું લખ્યું છે તે મને વાંચીને સંભળાવ.''

ઝોયા થોડી શાંત પડી અને બોલી, "ટુ બેસ્ટ યંગેસ્ટ સાઈ-ફાઈ રાઈટર.''

"અરે, આ સાઈ-ફાઈ રાઈટર એટલે શું ?'' વીરે પૂછ્યું.


"કમ ઓન ભાઈ. તમને તો ખબર છે.'' ઝોયાએ કહ્યું, "સાઈ-ફાઈ રાઈટર એટલે જે વિજ્ઞાનની એક કાલ્પનિક દુનિયા બનાવીને તેના વિશે લખવું. એમાં ટાઈમ ટ્રાવેલ, બીજા પ્લેનેટ પરની લાઈફ, લાઈટ-સ્પીડ વગેરે વાતો હોય. પણ, તમે આવો સવાલ કેમ કરો છો ?''

"કેમ કે મને યાદ છે ત્યાં સુધી તને તો વિજ્ઞાન જરાય નહોતું ગમતું. તો પછી એના વિશે તું કેવી રીતે લખી શકી ?'' વીરે ધીમે રહીને પૂછ્યું.

"અરે... પણ મારી વિજ્ઞાનની સમજ ઘણી સારી છે... શું તમને ખબર નથી કે દાદા મને વિજ્ઞાન ભણવા માટે કેટલો ફોર્સ કરતા હતા.'' બોલતા બોલતા ઝોયા અટકી ગઈ.

"તો શું દાદાના કહેવાથી તને કંઈ ફાયદો નથી થયો ?'' વીરે હસીને પૂછ્યું.

ઝોયા થોડી ભોંઠી પડી ગઈ. પણ, આમ એ હાર માને એમ નહોતી. તેણે કહ્યું, "ચાલો ભાઈ, માન્યું કે દાદાએ મને આગ્રહ કર્યો તો મને ફાયદો થયો. પણ તમને ? તમારે તો સ્પોર્ટ્સમાં કરિયર બનાવવું હતું. તમને શું કામ ભાષા ભણવાનો આટલો બધો આગ્રહ કર્યો ?''



"તું એ વાત જવા દે.'' વીરે ટોપિક ચેન્જ કર્યો, "તું મને એમ કહે કે તને અમારી લાસ્ટ મેચમાં મજા આવી હતી કે નહીં.''

"ભાઈ... કેટલી અફલાતુન મેચ હતી ! લાસ્ટમાં તમે જે થ્રી પોઈન્ટ લીધા એનાથી તો તમારી ટીમ જીતી ગઈ હતી. અને પછી તમે જે ઈન્ટરવ્યૂ આપ્યો હતો, એ તો બેસ્ટ હતો ! ભાઈ એ દિવસે તમે સ્ટાર હતા.''

"ચલ હવે બહુ વખાણ ના કર.'' વીર સહેજ શરમાયો.

"ના ભાઈ, હું સાચુ કહુ છું.'' ઝોયાએ વીરને વિશ્વાસ અપાવ્યો, "એ પછી તો તમને ટીમના કેપ્ટન બનાવ્યા. તમારી ગેમ સારી હતી એટલે નહીં, પણ તમારી પર્સનાલિટી, તમારી વાત કરવાની ઢબ, વાતચીતમાં ઝળકતો તમારો આત્મવિશ્વાસ...''

વીરે ઝોયાને વચ્ચે રોકીને પૂછ્યું, "અને આ આત્મવિશ્વાસ, આ અંગ્રેજીમાં વાત કરવાની, આ બધું મને કેવી રીતે આવડ્યું ? એ તને નથી ખબર ઝો ?''

ઝોયા ચૂપ થઈ ગઈ.

"આ વિશ્વાસ કેળવવા પાછળ દાદાની મહેનત છે. સાતમા ધોરણમાં જ્યારે મને અંગ્રેજીમાં માકર્સ ઓછા આવ્યા ત્યારે દાદાએ મને અંગ્રેજી ભણાવવાનું શરૂ કર્યું. રોજ અંગ્રેજીનો એક નવો શબ્દ શીખીને બધા સાથે અંગ્રેજીમાં વાત કરવાનો નિયમ બનાવ્યો. તે વખતે મને નહોતું સમજાયું, પણ આજે ખ્યાલ આવે છે કે ઓલરાઉન્ડ એજ્યુકેશન માટે દાદાએ આપેલા ભારના કારણે જ લાઈફમાં આજે આપણે આટલી સકસેસ મેળવી છે." વીરના અવાજમાં ગંભીરતા હતી.

ઝોયા વિચારમાં પડી ગઈ. બાળપણમાં દાદા સાથે વિતાવેલો સમય એને યાદ આવ્યો. ઘરમાં સાથે કરેલા વિજ્ઞાનના પ્રયોગો, ગાર્ડનમાં દાદાએ ભણાવેલા સમાજવિદ્યાના પાઠ અને રાતના મેથ્સના ઘડિયા બોલવાનો ટાઈમ વગેરે યાદ કરીને ઝોયાનું હૃદય એકદમ નરમ પડી ગયું.

"તને દાદાએ કહેલી 'ચાઈનીઝ બામ્બુ ટ્રી' ની વાત યાદ છે ?" વીરે પૂછ્યું.

"ના ભાઈ. શું હતી ?" દાદાએ કહેલી વાત જાણવાની ઝોયાને ઈચ્છા થઈ.

"એ વાત મને બહુ જ ઈન્ટરેસ્ટિંગ લાગી હતી." વીરે વાત શરૂ કરી, "કોઈ પણ પ્લાન્ટની જેમ ચાઈનીઝ બામ્બુને પણ પાણી, ફળદ્રુપ જમીન, સૂર્યપ્રકાશ વગેરેની જરૂર પડે. બી રોપ્યા બાદ, પહેલા વર્ષે કંઈ જ ઊપજ જોવા ના મળે. બીજા વર્ષે પણ જમીન સાવ કોરી ને કોરી જ દેખાય. ત્રીજા વર્ષે, ચોથા વર્ષે પણ કંઈ જ ના ઊગે. પણ પાંચમા વર્ષે જાદુ થાય. નાનું ઝાડ જમીનની બહાર આવે. અને લગભગ છ જ અઠવાડિયામાં એ ઝાડ લગભગ ૭૦, ૮૦...૯૦ ફીટ જેટલું ઊંચુ ઊગી જાય !"

"રિયલી ?!" ઝોયાને આશ્ચર્ય થયું.

"હા, દાદા કહેતા કે એ નાનકડું ઝાડ વર્ષો સુધી જમીનની અંદર રહીને છાની-છૂપી રીતે પોતાના મૂળિયા મજબૂત કરતું રહે. અને પછી ખૂબ ઓછા સમયમાં ઘણું ઊંચું ઊગી નીકળે. ભણતર પણ એ બામ્બુ ટ્રી જેવું જ છે." વીર થોડી ક્ષણ થોભ્યો અને પછી આગળ બોલ્યો, "સ્કૂલમાં ભણતા હોઈએ ત્યારે વર્ષો સુધી આપણને આપણા પ્રયત્નોની વેલ્યુ ના સમજાય. ભણતરનું કારણ પણ ના સમજાય. પણ, જો ભણતરના મૂળિયા મજબૂત થવા દઈએ તો એક સમય એવો આવે કે આપણે પણ બામ્બુ ટ્રી ની જેમ ખૂબ ઊંચે પહોંચી જઈએ."


"ઝો, દાદાને આપણા બામ્બુ ટ્રી પર વિશ્વાસ હતો."

"યુ આર રાઈટ ભાઈ." ઝોયાએ ધીમા અવાજે સહમતી દર્શાવી.

વીરે દાદાની રૂમમાં એક ડોકિયું કર્યું અને પછી ઝોયાને કહ્યું, "ઝો, બે મિનિટમાં હું તને વિડીયો કોલ કરીશ. પણ, બી કેરફુલ. તું કશું બોલીશ નહીં, ઓ.કે ?"

ઝોયા કંઈ જવાબ આપે એ પહેલા તો વીરે ફોન ડિસ્કનેક્ટ કરી દીધો અને ઝોયાને વિડીયો કોલ કર્યો.

"શશ..." કેમેરામાં વીરે



એક આંગળી મોઢા પર મૂકી ઝોયાને ચુપ રહેવાનો ઈશારો કર્યો અને પછી ફોનના કેમેરાનું એન્ગલ ફેરવ્યું. ઝોયાએ જોયું કે સામેની બાજુ દાદા કોઈની સાથે ફોન પર વાત કરી રહ્યા હતા.

"જોશી સાહેબ, મારી ઝોયાએ યન્ગેસ્ટ રાઈટરનો એવોર્ડ જીત્યો છે."

"હા, હા... થેન્કયુ. બાળપણથી જ ખૂબ હોંશિયાર છે મારી દીકરી." દાદાના અવાજમાં ગર્વનો રણકો હતો.



દાદાના મોઢે પોતાની પ્રશંસા સાંભળીને ઝોયાને ખૂબ મીઠું લાગ્યું.

વીરે ફોનનો કેમેરા પોતાના તરફ ફેરવ્યો અને હસીને બોલ્યો, "ખબર નહીં દાદા અત્યાર સુધી કેટલા ફોન કરી ચૂક્યા હશે અને હજી એમનું લિસ્ટ કેટલું લાંબુ હશે ! બોલ, હવે તારે શું કહેવું છે ?"

"ભાઈ, હું આ વિકેન્ડમાં અમદાવાદ આવુ છું." ઝોયાએ એ જ ક્ષણે નક્કી કર્યું.

"ગ્રેટ." વીરે ઉત્સાહમાં આવીને ટિકિટની વેબસાઈટ ખોલી. "ઝો, ફ્રાઈડે નાઈટની દસ વાગ્યાની ફ્લાઈટ છે. રૂ. ૨૮૦૦ની છે અને પચ્ચીસ ટકા ઓફ છે એટલે..."

"૨૧૦૦માં પડશે." ઝોયા તરત બોલી.


"નોટ બેડ ઝોયા. તારું મેથ્સ હજુ પણ એકદમ પાક્કું છે." વીરે શાબાશી આપી.

"એટલે જ તો હું કહું છું ભાઈ કે સ્કૂલમાં આપણે દરેક સબ્જેક્ટમાં મહેનત કરવી જોઈએ. એ જ રીતે ઓલરાઉન્ડર બનાય." ઝોયા ગમ્મતમાં બોલી. અને બન્ને ખડખડાટ હસી પડ્યા.


એક એવું રોકાણ
બપોરનો સમય હતો. રેસ્ટોરન્ટ સાવ ખાલી હતી. કંઈ કામ નહોતું એટલે નકુલે ઈયરફોન કાનમાં ભરાવ્યા અને ફોન પર મ્યૂઝિક ઓન કર્યું.
પણ એનું ચિત્ત ના ચોંટ્યું. એની નજર હિરેન પર પડી. રોજની જેમ એક ખૂણામાં બેસીને એ કંઈક વાંચી રહ્યો હતો.
કેટલો ભણેશ્રી છે ! આ મહાશયની લાઈફમાં કંઈ ફન જેવું છે જ નહીં ! ચાલ, આજે તો એને થોડી વાતો કરાવું.
યાર, તું તો આખો દિવસ ભણ્યા કરે છે ! એક તો વેઈટરની નોકરી કરો અને ટાઈમ મળે એટલે ચોપડી ખોલીને બેસી જાઓ ! તને કંટાળો નથી આવતો ?
ના, કંટાળવાનો સમય કોની પાસે છે ? અત્યારે જો કંટાળીશ તો આખી લાઈફ કંટાળજનક બની જશે !



એટલે ?
એટલે એમ કે .... વેલ, આ કારણ સમજવા માટે થોડું ફ્લેશ-બેક કરવું પડશે.
હિરેને ભૂતકાળના ચોપડાના એ પાના ખોલ્યા...
મારો ઉછેર રોશનપુર નામના એક નાનકડા ગામમાં થયો છે. ઘરથી શાળા લગભગ ચારેક કિ.મી. દૂર હતી. હું રોજ ચાલીને શાળાએ જતો.
એ દિવસે મને બરાબર યાદ છે. ઘરે પહોંચવાની એવી અધીરાઈ મેં ક્યારેય નહોતી અનુભવી. તે દિવસે હું મારું નામ લખતા શીખ્યો હતો !!
મા આ જુઓ... માસ્તરે મને આજે મારું નામ લખતા શીખવ્યું. મારી મા ની આંખોમાં ખુશીના આંસુ હતા.
મને લખતા વાંચતા આવડ્યું એટલે ગામનો એ બાળક બની ગયો જેને બધાની બધી જ ખાનગી વાતો ખબર હોય. હું વડીલોને એમના પત્ર વાંચીને સંભળાવતો. એમનું નાનું મોટું કામ કરી આપતો.
જ્યારે મને કોલેજમાં એડમિશન મળ્યું ત્યારે આખા ગામે મળીને ઉજવણી કરી હતી.


ઉજવણીની રાત્રે હું મારા મા-પિતાજીનો વાર્તાલાપ સાંભળી ગયો.
હિરેનના ભણતર માટે તમે તમારું સોનું વેંચી કાઢ્યું ?
ધનથી સોનું ખરીદાય. પણ, ધન કે સોનું તો લૂંટાઈ શકે. અને એ ધનથી જો વિધા પ્રાપ્ત થાય તો ના તો એ કદી ઓછી થાય કે ના એની ચોરી થઈ શકે.
દીકરા, તું દુઃખ ના લગાડીશ. તારું ભણતર એક એવું રોકાણ છે જેનો નફો આપણને જીવનભર મળશે. યાદ રાખજે, વિધા એક એવું કવચ છે જે જીવનની બધી મુશ્કેલીઓમાં તારું રક્ષણ કરશે.
દોસ્ત, મારા મા-પિતાજીએ મારા માટે જે રોકાણ કર્યું છે એનો એમને નફો પ્રાપ્ત કરાવવાનો મને અવસર મળ્યો છે.
મા-પિતાજી પૂરતું જ નહીં, પણ મારે તો આખા રોશનપુરમાં મારી વિધાની રોશની ફેલાવી છે. તું જ કહે, છે મારી પાસે કંટાળવાનો સમય ?
પણ દોસ્ત, તને જોઈને તો એવું લાગે છે કે તું તો એક ભણેલા ગણેલા પરિવારમાંથી આવે છે. તારા કપડાં, શૂઝ બધું જ ટીપ-ટોપ હોય છે. તું અહીંયા રેસ્ટોરન્ટમાં નોકરી...


સાચું કહે છે. મને પૈસાની કોઈ જરૂર નથી. હું તો પેરેન્ટ્સના આગ્રહથી આ જોબ કરું છું. એમણે મને શીખવવું હતું કે ભણતર વગર મારી લાઈફ કેવી હોય શકે !
હિરેનને ભણતરની કેટલી બધી વેલ્યુ સમજાય છે. અને મને ? હું તો મમ્મી ડેડી પર નારાજ રહ્યો કે એ લોકો મને પરાણે નોકરી કરાવે છે. હાઉ રોંગ વોઝ આઈ !
મમ્મી ડેડીએ ભણવા માટે મને જે ફેસિલિટીસ કરી આપી છે એની હું વેલ્યુ કરીશ. આજથી હું મમ્મી ડેડીના આગ્રહના કારણે નહીં, પણ મારા અને એમના બ્રાઈટ ફયૂચર માટે ભણીશ.



# જીવંત ઉદાહરણ

એક દસ વર્ષનો બાળક પોતાના પરિવારને આર્થિક રીતે મદદ કરવા માટે ઘેર ઘેર ન્યૂઝપેપર નાખવાનું કામ કરતો હતો. આ બાળકના પિતા એક નાવિક હતા. તામિલનાડુમાં આવેલા રામેશ્વર નામના નાનકડા ગામમાં આ નાવિક દર્શનાર્થીઓને લાવવા જવાનું કામ કરતા.

પરિવારની આર્થિક પરિસ્થિતિ ભલે નબળી હતી પણ બાળકની નવું નવું જાણવાની જિજ્ઞાસા અને ભણવાની ધગશ ખૂબ જ પ્રબળ હતી. અને પોતાના આ જ અનોખા બળના કારણે, વર્ષો બાદ એ જિજ્ઞાસુ બાળક એક મહાનુભાવ બન્યો. એ વિરલ પુરુષને પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને ભારતરત્નથી બિરાદવામાં આવ્યા. એટલું જ નહીં, પણ તેઓ ભારતના સહુથી વધુ ચહિતા અને માનીતા રાષ્ટ્રપતિ બન્યા. હા, આ વાત છે 'મિસાઈલ-મેન' તરીકે જાણીતા શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ આઝાદની !

અબ્દુલ કલામે પ્રાથમિક શિક્ષણ રામેશ્વરમની એલિમેન્ટરી સ્કૂલમાં લીધું હતું. જ્યારે તેઓ પાંચમાં ધોરણમાં ભણતા હતા ત્યારે તેમના વિજ્ઞાનના શિક્ષકે, પક્ષીઓ કેવી રીતે ઉડે છે તેના વૈજ્ઞાનિક સિદ્ધાંતો વર્ગમાં સમજાવ્યા. ક્લાસના અંતે ઘણા બધા વિધાર્થીઓને પાઠ નહોતો સમજાયો. સાહેબે બધા જ વિધાર્થીઓને સાંજે દરિયા કિનારે આવવા કહ્યું. સાંજે આખો વર્ગ દરિયા કિનારે ભેગો થયો. સાહેબે આકાશમાં ઉડતા સીગલ પક્ષીને બતાવી તે પક્ષીઓ કેવી રીતે ઉડે છે, હવામાં વળાંક લે છે, ઉતરાણ કરે છે તે બધું જ બરાબર સમજાવ્યું. આ ઘટનાએ અબ્દુલ કલામમાં આકાશમાં ઉડવાના સ્વપ્નોના બીજ રોપ્યા અને આખરે તેઓ 'મિસાઈલ-મેન' બની ગયા.

હાઈસ્કૂલના શિક્ષક ઈયાદુરાઈ સોલોમેન, અબ્દુલ કલામ માટે એક આદર્શ માર્ગદર્શક બન્યા. સોલોમન સાહેબે કલામને કહ્યું હતું, ''જીવનમાં સફળ થવા અને ધાર્યા ઉચ્ચ પરિણામ મેળવવા માટે, જો તું એમ માને કે તું જે ઈચ્છે છે એ પૂર્ણ અને ચોક્કસપણે બનશે જ, તો સફળતા અવશ્ય મળે જ.'' આ વાતનું જીવંત ઉદાહરણ અબ્દુલ કલામના જીવનમાંથી મળે છે. અબ્દુલ કલામ જ્યારે નાના હતા ત્યારે તેમને દરિયા કિનારે ઉડતા પક્ષીઓના ઉડ્ડયન તથા આકાશના રહસ્યોનું ખૂબ આકર્ષણ હતું. કલામ સીગલ પક્ષીઓને આકાશમાં ઊંચે ઉડતા જોતા ત્યારે તેમને પણ ઉડવાની તીવ્ર ઈચ્છા થતી. પોતાના ઉડવાના

સ્વપ્નને જણાવતા કલામ લખે છે કે, "ભલે હું સીધો સાદો ગ્રામીણ છોકરો હતો. પણ મને શ્રદ્ધા હતી કે એક દિવસ હું આકાશમાં ઉડીશ." અને ખરેખર, તેઓએ પોતાનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું.

અડગ આત્મવિશ્વાસથી, નવું શીખવા માટે સદાય તત્પર કલામે અતિશય મહેનતનો સહારો લઈને હાયર સેકન્ડરી પછી ફિઝિક્સમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ એરોસ્પેસ એન્જિનિયરિંગ કર્યું. એમણે અઢળક સ્પેસ રિસર્ચની સિદ્ધિઓ મેળવી. ISRO અને ડિફેન્સ રિસર્ચ અને ડેવેલપમેન્ટમાં કામ કર્યા બાદ, તેઓને ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના પદે નિયુક્ત કરવામાં આવ્યા.

જુલાઈ ૨૦૦૨માં તેઓ ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ અને આંતરરાષ્ટ્રીય સ્કૂલો અને યુનિવર્સિટીઓમાં યુવાનોને પ્રોત્સાહિત કરવામાં વ્યસ્ત રહ્યા.

તા. ૨૭ જુલાઈ, ૨૦૧૫ના દિવસે ભારતના સહુથી પ્રિય રાજનેતા, પ્રખર વૈજ્ઞાનિક, સંત અને સ્વપ્નદ્રષ્ટા, દેશના પ્રેરક શ્રી અબ્દુલ કલામે આ ધરતી પરથી વિદાય લીધી.

શ્રી અબ્દુલ કલામ એક શિક્ષક હતા જે આજીવન વિધાર્થી બનીને રહ્યા. એમના જીવનનો એક ખાસ ઉદ્દેશ વિધાર્થીઓને સંબોધન કરી એમનામાં પ્રેરણાની ચિનગારી પેદા કરવાનો હતો.

તો ચાલો મિત્રો, એજ્યુકેશનનું મૂલ્ય સમજી આપણે પણ આપણી આ મહામૂલી સ્ટુડન્ટ લાઈફ સાર્થક કરીએ !

## શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે યુવાનોને કહેલી થોડી વાતો :

- સપનાઓ સાચા પડે તે પહેલા તમારે સપના જોવાનું શરૂ કરવું પડશે. સપના એ નથી કે જે તમે ઊંઘમાં જુઓ છો, સપના એ હોય છે જે તમને સૂવા ન દે.
- જીવનમાં કઠિનાઈઓ આપણને બરબાદ કરવા નથી આવતી, પણ આપણામાં છૂપાયેલી પ્રતિભા, સામર્થ્ય અને શક્તિને બહાર કાઢવામાં મદદ કરે છે.
- આત્મવિશ્વાસ અને કઠોર મહેનત, નિષ્ફળતા નામની બીમારીને મારવા માટે સૌથી સારી દવા છે. તે તમને એક સફળ વ્યક્તિ બનાવે છે.
- કોઈને હરાવવા ખૂબ જ આસાન છે, પરંતુ કોઈને જીતવા ખૂબ જ મુશ્કેલ હોય છે.

# મીઠી યાદેં

**જામનગરની** મેડિકલ કોલેજમાં એક ભાઈને એડમિશન મળ્યું. તે વખતે જામનગરમાં ફક્ત એક જ મહાત્મા હતા. નીરુમાએ એ મહાત્માને શિબિર દરમિયાન ખાસ બોલાવ્યા અને જણાવ્યું કે, "આ છોકરો જામનગરમાં એડમિશન લે છે. દર અઠવાડિયે કે પંદર દિવસે તમે એને ઘરે બોલાવજો, જમાડજો અને એની જરૂરિયાતો પૂરી કરજો." ત્યાર બાદ, સૌરાષ્ટ્રમાં ક્યાંય પણ નીરુમાનો સત્સંગ ગોઠવાય ત્યારે નીરુમા અચૂક એ ભાઈને જામનગરથી બોલાવે અને પોતાની સાથે જ રહેવાની સગવડ કરે.

આમ, અભ્યાસના મહત્વના દિવસો દરમિયાન નીરુમાની વિશેષ કાળજીથી એ ભાઈએ ખૂબ સારી રીતે પોતાનું ભણતર પૂરું કરી પદવી મેળવી.

વર્ષો બાદ એ ભાઈ ગોધરા પાસે એક હોસ્પિટલમાં સેવા આપતા હતા. તે સમયે પણ નીરુમાએ એ ભાઈ માટે ટિફિનની વ્યવસ્થા કરાવી. વ્યવસ્થા ન જળવાતા, એ ભાઈ જાતે જ પોતાની રસોઈ બનાવતા. તે દિવસો દરમિયાન નીરુમા અમેરિકાની સત્સંગ ટુર પર હતા. અમેરિકાથી નીરુમાએ એક આપ્તપુત્રને પેલા ભાઈની રસોઈ વ્યવસ્થા વિશે પૂછ્યું. જ્યારે આપ્તપુત્રે જણાવ્યું કે રસોઈયાની શોધ ચાલુ છે ત્યારે નીરુમાએ આપ્તપુત્રને કહ્યું, "જો પંદર દિવસમાં રસોઈયો નહીં શોધી લાવે તો તારે જાતે ત્યાં રસોઈ કરવા જવું પડશે !"



આવો હતો નીરુમાનો પ્રેમ અને હૂંફ. જેને આપે એ તો જીતાઈ જાય પણ જેને વઢે એ પણ જીતાઈ જાય !




આપણા સહુમાં એક ખૂણે ક્યાંક અમાંડો છે તો ક્યાંક કમાન્ડો ! નીચે આપેલા પ્રસંગોમાં તમે શું બનશો - અમાંડો કે કમાન્ડો ? ☑ મા કરો



હું ભણવાનું મૂકીને મોબાઈલ પર ગેમ રમું.

☐



હું ફ્રેશ થવા માટે પંદર મિનિટનો બ્રેક લઉં અને પછી ભણવા બેસી જાઉં.

☐



હું મમ્મીની વાત સાંભળ્યા વગર રમવા જાઉં.

☐



હું મમ્મી સાથે બેસીને ભણવા અને રમવાનું ટાઈમ-ટેબલ સેટ કરું.

☐

☐



એ ટાળીને હું કંઈક ગમતું કરવાનું શોધી કાઢું.

☐



હું 'ના ગમતા' સબ્જેક્ટ ને 'ઈન્ટરેસ્ટિંગ' અને 'ગમતો' કરવાની રીતો શોધી કાઢું

# My Creation

1



2




3



4



5




6



7



8



# ઐતિહાસિક ગૌરવગાથા

ઘણા વર્ષો પહેલાં મગધની રાજધાની પાટલીપુત્ર પર સત્યવ્રત નામે રાજા રાજ્ય કરતા હતા. તેઓ ન્યાયી, પ્રેમાળ, સત્યપ્રેમી અને પરાક્રમી હતા. તેમના શાસન હેઠળ પ્રજાને કોઈપણ જાતનું દુ:ખ ન હતું. તેમના દરબારમાં વિદ્વાનો અને કલાકારોનું સન્માન થતું. દેશવિદેશના વિદ્વાનો અને કલાકારો રાજાના દરબારને શોભાવતા હતા.

સત્યવ્રત રાજાને ત્રણ પુત્રો હતા. ત્રણેય કુમારો રૂપાળા અને બહાદુર હતા. પરંતુ રાજા-રાણીના અતિશય લાડ-પ્રેમને કારણે તેઓ બગડી ગયા હતા. રાજાને કુંવરોના ભવિષ્યની ચિંતા ખૂબ જ સતાવતી હતી. તેમને થતું, "મારા ગયા પછી આ રાજ્ય કોણ સંભાળશે ?" રાજાએ રાજકુમારોને ભણાવવા માટે કેટકેટલાય વિદ્વાનો રોક્યા, કેટલાય આશ્રમોમાં રાજકુમારોને મોકલ્યા. પણ રાજકુમારો કશું જ પામ્યા નહીં. તેઓ ભણાવનાર વિદ્વાનોને હેરાન કરીને ભગાડી મૂકતા. કુંવરો પ્રજાજનોને પણ ખૂબ હેરાન-પરેશાન કરતા. રાજાના ઉદાર સ્વભાવને કારણે, પ્રજાજનો કુંવરોની પજવણી સહન કરી લેતા. રાજાને ગુપ્તચરો મારફત ત્રણેવ રાજકુમારોની માહિતી મળી જતી અને કુંવરોની હરકતો જાણી એમને ખૂબ જ દુ:ખ થતું.

એક દિવસ રાજદરબારમાં રાજાએ પોતાની આ ચિંતા વિદ્વાનો અને પંડિતો સમક્ષ રજૂ કરી. પરંતુ રાજકુમારોને વિદ્યા આપવા માટે કોઈ તૈયાર ન થયું. બધા નીચા મસ્તકે બેસી રહ્યા. કોઈનામાં રાજકુમારોને ભણાવવાની હિંમત નહોતી.

આ જોઈ રાજા નિરાશ થઈ ગયા. તેમણે કહ્યું, "અરેરેરે ! મારા દરબારમાં કોઈપણ એવો વિદ્વાન નથી કે જે મારા કુંવરોને વિદ્યા આપી શકે ?"

દરબારના એક ખૂણામાં બેઠેલા પંડિત વિષ્ણુ શર્માને રાજા ઉપર દયા આવી. તેઓ રાજકુમારોની હરકતોથી વાકેફ હતા. છતાં રાજા ખાતર, રાજ્યના ભવિષ્ય ખાતર તેઓએ ત્રણેય રાજકુંવરોને ગુણવાન અને વિદ્યાવાન બનાવવાનું બીડું ઝડપ્યું.

પંડિત વિષ્ણુ શર્માએ કુંવરોને વિદ્યા આપવા માટે એક શાંત સ્થળની પસંદગી કરી અને કુંવરોને પોતાની સાથે લઈ ગયા. પંડિતજીએ કુંવરોને ભણવા બેસાડ્યા. પરંતુ કુંવરોએ તો પંડિત વિષ્ણુ શર્માને સ્પષ્ટ કહી દીધું, અમને ભણવાનું સહેજ પણ ગમતું નથી. અમને તો અહીંયા ફરવાની રજા આપો."


"રાજકુમારો ! હું તમને ભણાવવાનો નથી. હું તો તમને જાતજાતની પશુ-પક્ષીઓની વાર્તાઓ કહેવાનો છું !"

"વાર્તા !" પશુ પક્ષીઓની વાર્તાઓ સાંભળવી તો કોને ના ગમે ! કુંવરો ચોંકી ગયા.

રાજકુમારો વાર્તા સાંભળવા માટે તરત તૈયાર થઈ ગયા. પંડિત વિષ્ણુ શર્માની એ બોધદાયક વાર્તાઓ એ જ પંચતંત્રની કથાઓ છે.

આજે, દુનિયાની ૫૦ થી પણ વધુ ભાષાઓમાં પંચતંત્રની વાર્તાઓ વાંચવા મળે છે. પંચતંત્ર એટલે કે પાંચ ભાગમાં વહેંચાયેલી આ વાર્તાઓના એક ભાગમાં મિત્રો સાથે થતા મનદુ:ખમાં ધીરજ રાખવાનો બોધ અપાયો છે. બીજા ભાગમાં મિત્ર મળે તો જીવનમાં કેવા કેવા લાભ થઈ શકે એવો સંદેશ અપાયો છે. ત્રીજા ભાગમાં કાગડા અને ઘુવડ જેવા પાત્રોના આધારે સ્વાર્થી લોકોથી બચવાની વાર્તાઓ રચાઈ છે. ચોથા ભાગમાં વાંદરા અને મગરની વાર્તાના આધારે હાથ લાગેલી ચીજ હાથમાંથી જતી રહી શકે એવો સંદેશ આપતી કથાઓ છે. પાંચમા ભાગમાં આંધળુ અનુકરણ કરનારાની હાલત ખરાબ થાય એવો સંદેશ આપતી કથાઓ છે.

અને આમ, પંડિત વિષ્ણુ શર્માએ રાજકુમારો માટે ભાર વિનાનું ભણતર પીરસીને વિશ્વભરના બાળસાહિત્યમાં એક ઈતિહાસ રચી દીધો.



Akram Express
February 2021
Year : 13, Issue : 6
Conti. Issue No.: 150

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid up to 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid up to 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month




અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.